આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-**15-03-2024** સમય:-સવારે 6.50 કલાકે

---

## ચૂંટણી – નોડલ અધિકારીની નિમણુક

રાજ્ય ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણીની જાહેરાત થતાં ગુજરાતમાં આદર્શ આચારસંહિતાનો અમલ કરવાની તૈયારીઓ પૂર્ણ કરી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ચૂંટણી પંચના માર્ગદર્શનમાં રાજ્યમાં નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. આ તમામ અધિકારીને આદર્શ આચારસંહિતા અને તેને સંલગ્ન બાબતો તથા તેની અમલવારીની કાર્યપદ્ધતિ અંગે વિસ્તૃત તાલીમ પણ આપવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## કેન્દ્ર – ચૂંટણી કમિશનર નિમણુક

કેન્દ્ર સરકારે કેન્દ્રીય ચૂંટણી પંચમાં બે ચૂંટણી કમિશનરોની નિયુકિત કરી છે જ્ઞાનેશ કુમાર અને સુખવિંદર સિંઘ સંધુ નવા ચૂંટણી કમિશનર નિયુક્ત થયા છે તેઓ બંને 1988 બેચ ના સનદી અધિકારી છે.

**પ્ર.આરતી ભટ્ટ (ચં.પટ્ટણીભાઈ)**

---

## પેટ્રોલ – ડીઝલ ભાવમાં ઘટાડો

લોકસભા ચૂંટણી પહેલા કેન્દ્ર સરકારે લોકોને રાહત આપતા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર 2 રૂપિયાનો ઘટાડો કર્યો છે. નવા ભાવ આજથી લાગુ થયા છે. અગાઉ કેન્દ્રે 21 મે, 2022ના રોજ કિંમતોમાં ઘટાડો કર્યો હતો.

RNU BHUJ

કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 2 રૂપિયાનો ઘટાડાથી નાગરીકોને રાહત મળી છે.

હાલમાં દેશના મોટાભાગના ભાગોમાં પેટ્રોલ 100 રૂપિયા અને ડીઝલ 90 રૂપિયા પ્રતિ લીટરથી ઉપર છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડવાના પગલાથી ફુગાવાને ઘટાડવામાં મદદ મળી શકે છે અને 2024ની સામાન્ય ચૂંટણી પહેલા તે મહત્વપૂર્ણ બની શકે છે.

**પ્ર. આરતી ભટ્ટ (N.P)**

---

## રાષ્ટ્રધ્વજ – દિશા નિર્દેશ

કેન્દ્ર સરકારે રાષ્ટ્રધ્વજને સન્માન સાથે ફરકાવા કેટલાંક દિશા નિર્દેશ જાહેર કર્યા છે. જાહેર કાર્યક્રમોમાં જનતા દ્વારા ફરકાવવામાં આવતા 'રાષ્ટ્રધ્વજ'નું માન-સન્માન જળવાય તે માટે ભારતીય ધ્વજ સંહિતામાં દર્શાવેલ નિયોમોનું પાલન કરવા ગૃહ મંત્રાલયે નાગરીકોને અનુરોધ કર્યો છે.

ગૃહ મંત્રાલયની યાદીમાં જણાવાયું છે કે, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક અને ખેલકૂદના કાર્યક્રમોમાં નાગરિકો દ્વારા કાગળના રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આવા કાર્યક્રમ પૂર્ણ થયા પછી તેનો દુરુપયોગ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. રાષ્ટ્રધ્વજ ફરકાવવાના નિયમો ફ્લેગ કોડ ઑફ ઈન્ડિયા, ૨૦૦૨ની કેટલીક મુખ્ય વિશેષતાઓ આ છે.

ક્ષતિગ્રસ્ત અથવા વિખરાયેલા ધ્વજને પ્રદર્શિત કરવો નહીં. ધ્વજ એક જ માસ્ટહેડ પરથી અન્ય કોઈ ધ્વજ અથવા ધજાઓ સાથે ફરકાવવો નહીં. ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી તથા રાજ્યના રાજ્યપાલ સિવાય કોઈ પણ વાહન પર ધ્વજ લહેરાવવી શકાશે નહી.

**RNU અમદાવાદ**

---

## ગુજરાત પોલીસ દળ વર્ગ-3 – ભરતી પ્રક્રિયા

RNU

ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ સંવર્ગની પોલીસ સબ ઇન્સ્પેક્ટર કેડર તેમજ લોકરક્ષક કેડરની જગ્યાઓ માટે સીધી ભરતીના ફોર્મ ચોથી એપ્રિલથી ઓનલાઇન ભરવામાં આવશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 30મી એપ્રિલ છે. ઇચ્છુક ઉમેદવારોએ ઓજસ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન વેબસાઇટ ઉપર જઇ પોલીસ ભરતીની જાહેરાતના પેજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**RNU અમદાવાદ**

---

## માંડવી- નવી બસ ફાળવણી

માંડવી એસટી ડેપોમાં પ્રવાસીઓની નવી સુવિધા માટે એટી તંત્ર દ્વારા આઠ નવી બસો ફાળવવામાં આવી છે. જેનું લોકાર્પણ ધારાસભ્ય અનુરૂધ્ધ દવેના હસ્તે કરવામાં આવ્યું હતું. નવી બસોને લીધે માંડવી વિસ્તારના મુસાફરોની સુવિધામાં વધારો થશે. એસટી વિભાગીય નિયામકના જણાવ્યા અનુસાર એક વર્ષમાં માંડવી વિભાગને 40 નવી બસ ફાળવવામાં આવતાં પ્રવાસીઓની સુવિધામાં વધારો થયો છે.

**પ્ર. આરતી ભટ્ટ (N.P)**

---

## ભચાઉ – માર્ગોનું ખાતમુહૂર્ત

ભચાઉ તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા 20 કરોડના ખર્ચે બનનારા રસ્તાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આમ ભચાઉના અંતરિયાળ ગામોને જોડતા ટૂંકા રસ્તાઓથી ખેડૂતો ઓછા ખર્ચે તાલુકા મથકે ઉત્પાદન પહોંચાડી શકશે.

**પ્ર. આરતી ભટ્ટ (N.P)**

---

## નખત્રાણા – દબાણ હટાવ કામગીરી

નખત્રાણામાં તંત્ર દ્વારા નવાનગર રોડ પરથી દબાણો હટાવાની કામગીરી શરૂ કરાઈ હતી, જેમાં નાના મોટા અને અનધિકૃત કોમર્શિયલ બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા. કલેક્ટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી

RNU BHUJ

સૂરજ સુથાર, મામલતદાર કચેરીની ટીમ, પોલીસ અને પીજીવસીએલને સાથે રાખીને દબાણ હટાવ કામગીરી કરાઈ હતી. જેમાં નખત્રાણા બસ સ્ટેશનની સામે લખપત હાઈવે પરના એક પાકુ અને 50થી 60 નડતર રૂપ દબાણો હટાવાયા હતા.

**પ્ર. આરતી ભટ્ટ (N.P)**

---

RNU BHUJ